આ પુસ્તક-પ્રકાશનમાં પૂજ્ય સાધ્વીજી સુલોચનાશ્રીજીની સત્પ્રેરણાથી, અગાસી તીર્થમાં થયેલાં ઉપધાનતપની તપસ્વિની શ્રાવિકાઓ તરફથી અમારા ટ્રસ્ટને આર્થિક સહયોગ પ્રાપ્ત થયો છે. અમે તેમના આ જ્ઞાનદાનની અનુમોદના કરીએ છીએ.

—ટ્રસ્ટીઓ
વિ. ક. પ્ર. ટ્રસ્ટ

એક પત્રમાંથી...

પ્રિય મુનિવર!

તમારે અસ્થિર થવાની શી જરૂર છે? સારથિથી ધૈર્ય ગુમાવાય? રથમાં બેસનાર હજુ અધીર બને, સારથિથી ન બનાય! અર્જુન અધીર બન્યો હતો, કૃષ્ણ નહીં! કૃષ્ણે તો અર્જુનની અધીરતાને ખંખેરી નાખી હતી. જગતસ્વભાવ, કર્મસ્વરૂપ અને આત્માના સ્વાભાવિક સ્વરૂપનું જ્ઞાન જેની પાસે છે, તે આવા પ્રસંગોએ અધીર બને? તો પછી ધીરતા કોણ રાખશે? માટે ખૂબ ધૈર્ય કેળવજો, ખૂબ સ્થિરતા અને સમતાને આશ્રયે રહીને શાંતિ આપજો. બહુ ચિંતા ન કરશો. જેટલી ચિંતા મારા ભણી મોકલવી હોય, તેટલી અહીં મોકલી આપજો! બધી જ મોકલજો ને!

તમે મોકલાવેલ 'ઉત્તરાધ્યયન સૂત્ર' અને 'સમકિત નિર્યુક્તિ' મળી ગયા હતા. પહોંચ લખવાની રહી ગઈ હતી.

—ભદ્રગુપ્તવિજય



श्री पार्श्वःपातु वो नित्यं जिनः परमशंकरः ।
नाथः परमशक्तिश्च शरण्यः सर्वकामदः ॥ १ ॥
सर्वविघ्नहरः स्वामी सर्वसिद्धिप्रदायकः ।
सर्वसत्वहितो योगी श्रीकरः परमार्थदः ॥ २ ॥
देवदेवःस्वयंसिद्धश्चिदानन्दमयः शिवः ।
परमात्मा परब्रह्म परमः परमेश्वरः ॥ ३ ॥
जगन्नाथः सुरज्येष्ठो भूतेशः पुरुषोत्तमः ।
सुरेन्द्रो नित्यधर्मश्च श्रीनिवासः शुभार्णवः ॥ ४ ॥
सर्वज्ञः सर्वदेवेशः सर्वदः सर्वगोत्तमः ।
सर्वात्मा सर्वदर्शी च सर्वव्यापी जगद्गुरुः ॥ ५ ॥
तत्त्वमूर्तिः परादित्यः परब्रह्म प्रकाशकः ।
परमेन्दुः परप्राणः परमामृतसिद्धिदः ॥ ६ ॥
अजः सनातनः शम्भुरीश्वरश्च सदाशिवः ।
विश्वेश्वरः प्रमोदात्मा क्षेत्राधीशः शुभप्रदः ॥ ७ ॥
साकारश्च निराकारः सकलो निष्कलोऽव्ययः ।
निर्ममो निर्विकारश्च निर्विकल्पो निरामयः ॥ ८ ॥
अमरश्चाजरोऽनन्त एकोऽनन्त शिवात्मकः ।
अलक्ष्यश्चाप्रमेयश्च ध्यानलक्ष्यो निरंजनः ॥ ९ ॥
ॐकाराकृतिरव्यक्तो व्यक्तरूपस्त्रयीमयः ।
ब्रह्मद्वयप्रकाशात्मा निर्भयः परमाक्षरः ॥ १० ॥
दिव्यतेजोमयः शान्तः परामृतमयोऽच्युतः ।

૪૩ પરમામૃતસિદ્ધિદ
૪૪ અજ
૪૫ સનાતન
૪૬. શંભુ
૪૭. ઈશ્વર
૪૮. સદાશિવ
૪૯. વિશ્વેશ્વર
૫૦ પ્રમોદાત્મા
૫૧ ક્ષેત્રાધીશ
૫૨. શુભપ્રદ
૫૩. સાકાર
૫૪ નિરાકાર
૫૫ અકલ
૫૬ નિષ્કલ
૫૭ અવ્યય
૫૮ નિર્મમ
૫૯ નિર્વિકાર
૬૦ નિર્વિકલ્પ
૬૧ નિગમય
૬૨ અમર
૬૩ અજર
૬૪ અનન્ત
૬૫ એક
૬૬ અનન્ત
૬૭. શિવાત્મક
૬૮. અલક્ષ્ય
૬૯. અપ્રમેય
૭૦. ધ્યાનલક્ષ્ય
૭૧. નિરંજન
૭૨. ૐકારાકૃતિ
૭૩. અવ્યક્ત
૭૪. વ્યક્તરૂપ
૭૫. ત્રયીમય
૭૬. બ્રહ્મદ્વય
૭૭. પ્રકાશાત્મા
૭૮. નિર્ભય
૭૯. પરમાક્ષર
૮૦. દિવ્યતેજોમય
૮૧. શાન્ત
૮૨. પરામૃતમય
૮૩ અચ્યુત
૮૪. આદ્ય
૮૫ અનાદ્ય
૮૬. પરેશાન
૮૭ પરમેષ્ઠિ
૮૮ પર પ્રુમાન
૮૯ શુદ્ધસ્ફટિકસંકાશ
૯૦ સ્વયંભૂ

सत्पोडशदलारूढं विद्यादेवीभिरन्वितम् ।
चतुर्विंशतिपत्रस्थं जिनं मातृसमावृतम् ॥ २२ ॥
मायावेष्टत्रयाग्रस्थं क्रौंकारसहितं प्रभुम् ।
नवग्रहैर्युतं देवं दिक्पालैर्दशभिर्वृतम् ॥ २३ ॥
चतुष्कोणेषु मन्त्राद्यैः चतुर्बीजान्वितैर्जिनैः ।
चतुरष्टदशद्वित्रिद्विधांकसंज्ञकैर्युतम् ॥ २४
दिक्षु क्षकारयुक्तेन विदिक्षु लाङ्कितेन च ।
चतुरस्त्रेण वज्रांकक्षितितत्वे प्रतिष्ठितम् ॥ २५ ॥
श्री पार्श्वनाथमित्येवं यः समाराधयेज्जिनम् ।
तं सर्वपापनिर्मुक्तं भजते श्रीः शुभप्रदा ॥ २६ ॥
जिनेशः पूजितो भक्त्या संस्तुतः प्रस्तुतोऽथवा ।
ध्यातस्त्वं यैः क्षणं वापि सिद्धिस्तेषां महोदया ॥ २७ ॥
श्री पार्श्वमन्त्रराजन्ते चिन्तामणिगुणास्पदम् ।
शांतिपुष्टिकरं नित्यं क्षुद्रोपद्रवनाशनम् ॥ २८ ॥
ऋद्धिसिद्धिमहाबुद्धिधृतिश्रीकान्तिकीर्तिदम् ।
मृत्युंजय शिवात्मानं जपन्नानन्दितो जनः ॥ २९ ॥
सर्वकल्याणपूर्णस्यात् जरामृत्युविवर्जितः ।
अणिमादि महासिद्धिं लक्षजापेन चाप्नुयात् ॥ ३० ॥
प्राणायाममनोमन्त्रयोगादमृतमात्मनि ।
त्वामात्मानं शिवं ध्यात्वा स्वामिन् सिद्ध्यन्ति जन्तवः ॥ ३१ ॥
हर्षदः कामदश्चेति रिपुघ्नः सर्वसौख्यदः ।
पातु वः परमानन्दलक्षणः संस्मृतो जिनः ॥ ३२ ॥
तत्त्वरूपमिदं स्तोत्रं सर्वमंगलसिद्धिदम् ।
त्रिसन्ध्यं यः पठेन्नित्यं नित्यं प्राप्नोति सः श्रियम् ॥ ३३ ॥

૯૧. પરમાચ્યુત	૧૦૦. મનઃદશ્ય
૯૨ વ્યોમાકારસ્વરૂપ	૧૦૧. પરાપર
૯૩ લોકાલોકાવભાસક	૧૦૨. સર્વતીર્થમય
૯૪. જ્ઞાનાત્મા	૧૦૩ નિત્ય
૯૫ પરમાનન્દ	૧૦૪. સર્વદેવમય
૯૬. પ્રાણારૂઢ	૧૦૫ પ્રભુ
૯૭ મન સ્થિતિ	૧૦૬. ભગવાન્
૯૮. મન સાધ્ય	૧૦૭ સર્વતત્ત્વેશ
૯૯ મન ધ્યેય	૧૦૮. શિવશ્રીસૌખ્યદાયક

૧૫. આ પ્રમાણે સર્વજ્ઞ અને જગદ્‌ગુરૂ પાર્શ્વનાથ ભગવતના દિવ્ય એવા ૧૦૮ નામો અહીં બતાવવામાં આવ્યા છે

૧૬ પવિત્ર પરમધ્યેયરૂપ, પરમાનંદ આપનારા, મંગળ કરનારા આ નામો તેમના સ્મરણથી ભુક્તિ–મુક્તિ આપનારા બને છે

૧૭ પરમકલ્યાણ ને પરમસિદ્ધિ આપનારા પાર્શ્વનાથ જિનેશ્વર ભગવાન તમારું કલ્યાણ કરનારા બનો

૧૮ ધરણેન્દ્રની ફેણરૂપી છત્રથી અલંકૃત અને પદ્માવતી દેવી દ્વારા અર્ચિત શાસનવાળા (પાર્શ્વનાથ) તમને લક્ષ્મી આપો

[હવે અહીં યંત્ર બનાવવાની રચનાવિધિ બતાવે છે]

૧૯ કમળની મધ્યમાં રહેલા જગદીશ્વર પાર્શ્વનાથ એમનું [illegible]ની સાથે ધ્યાન કરવું

અને જમણી બાજુ ધરણેન્દ્ર,
૨૦–૨૧ ડાબી બાજુ પદ્માવતી
અષ્ટદલ
આજુબાજુ મંત્રરાજના અક્ષરોથી યુક્ત
કમળ રચી તે આઠે દલમા નમોઅરિહંતાણ ઇત્યાદિ
પાચ પરમેષ્ઠિ અને જ્ઞાન દર્શન ચારિત્ર, આ આઠેનું
આલેખન કરવુ આ આઠે પદો ધર્મ, અર્થ, કામ ને
મોક્ષ આપનારા છે

૨૨ પછી સુંદર ૧૬ પાખડીના ખાનામા ૧૬ વિદ્યાદેવી
ઓના નામો લખવા પછી ૨૪ પાખડીવાળા કમળમા
૨૪ તીર્થંકરોની માતાઓના નામ લખવા.

૨૩ ત્રણ વખત માયાબીજ હ્રીં ના આંટા મારી ક્રો શબ્દથી
વેષ્ટિત કર્યા પછી નવગ્રહ અને દશદિગ્પાલથી
વેષ્ટિત પ્રભુનુ ધ્યાન કરવુ

૨૪ ચક્રના ચારે ખૂણામા મંત્રના ચાર (૪–૮–૧૦–૨)
એમ તીર્થંકરોના નામો લખવા

૨૫ દિશાઓમા ક્ષ અને વિદિશાઓમા [illegible] લખવા
આ પ્રમાણે આલેખીને ચક્રની ક્ષિતિતત્વથી સ્થાપના
કરવી અર્થાત ચોરસ ચક્ર બનાવવો

૨૬ આ પ્રમાણે વિધિપૂર્વક ચક્ર બનાવીને શ્રી પાર્શ્વનાથ
પ્રભુને જે આરાધન કરે છે તે સર્વપાપોથી મુક્ત
બનીને લાભ ફળ આપનારી લક્ષ્મીને મેળવે છે

૨૭ જે આ પાર્શ્વનાથ પ્રભુનું એક દિન પણ [illegible]
[illegible] પૂજન સ્તવન કીર્તન સ્તોત્ર કરે છે [illegible]
ધ્યાન [illegible] તેઓને [illegible] કરે છે

૨૮. શ્રી પાર્શ્વનાથનો યંત્રરાજ (બીજું નામ ચિંતામણી યંત્ર) ગુણના સ્થાનરૂપ શાંતિ અને પુષ્ટિનો કરનાર અને ક્ષુદ્ર ઉપદ્રવોનો નાશ કરનાર છે.

૨૯. આ યંત્ર ઋદ્ધિ, સિદ્ધિ, મહાબુદ્ધિ, ધૃતિ, શ્રી, કાંતિ, કીર્તિને આપનાર આ મૃત્યુંજય જપ કરતો આનંદિત ભવ્યજીવ સર્વકલ્યાણથી પૂર્ણ બને છે.

૩૦. જરા અને મૃત્યુના ભયથી મુક્ત અને (૧,૦૦,૦૦૦) એક લાખ જાપ દ્વારા અવશ્ય અણિમા વગેરે મહાસિદ્ધિઓને મેળવે છે.


૩૧. હે સ્વામિન્! (પાર્શ્વનાથ ભગવાન્) પ્રાણાયામ અને મંત્રના યોગથી આત્મામા તમારૂં ધ્યાન ધરીને પ્રાણીઓ સિદ્ધિને પ્રાપ્ત કરે છે સિદ્ધ બને છે

૩૨ પરમાનંદસ્વરૂપ યાદ કરાયેલા શ્રી પાર્શ્વનાથ જિનેશ્વર હર્ષને આપનાર, કામને આપનાર, શત્રુઓનો નાશ કરનાર અને સર્વ સુખ દેનાર છે તે તમારૂં રક્ષણ કરો

૩૩. આ સ્તોત્ર તત્ત્વરૂપ છે, સર્વ મંગલની સિદ્ધિ કરનારો છે, આ સ્તોત્રનો હંમેશા ત્રિકાળ (સવાર, બપોર, સાંજ) જે પાઠ કરે છે, તે અવશ્યમેવ શ્રીને (મોટા લક્ષ્મીને) મેળવે છે.

સંયમ રંગ લાગ્યો

મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી






પ્રગતિ માટે જોઈએ છે આંતર-ઉત્સાહ!
પ્રગતિ માટે આવશ્યક છે કષ્ટો અને આપત્તિઓ સામે મેરુવત્ દૃઢતા અને નિશ્ચલતા!

નિરાશાઓ ત્યજી દે અને અને પ્રબળ ઉત્સાહથી કર્તવ્યની કેડી પર ચાલવા માંડ. માનવજીવનના શ્રમણજીવનના અનેક કર્તવ્યોનું પાલન કરવા તત્પર બની જા.

નિષ્ઠાપૂર્વક કરેલું કર્તવ્યપાલન તારા અંતરાત્માને આનંદથી ભરી દેશે. તૃપ્તિના અમૃત-ઓડકાર આવશે અને અભિનવ કર્તવ્યોનાં પાલન માટે અપૂર્વ શક્તિ પ્રગટ થશે.

૨૯ માર્ચ. ૧૯૬૩





રોજ પરમાત્મ—અનુગ્રહની પ્રાર્થના કરવી જોઈએ પરમાત્માનો અનુગ્રહ પામવા માટે પાત્રતા કેળવવી જોઈએ ..તે પાત્રતા છે નમ્રતાની અને 'અહં'ને ભૂલવાની !

પરમાત્માનો અનુગ્રહ પ્રાપ્ત કરનાર મનુષ્ય કઈ સિદ્ધિ પ્રાપ્ત નથી કરતો ? નિરંતર એનું ચિત્ત પ્રસન્નતાનો અનુભવ કરે છે અને આત્માની વિશુદ્ધિ પ્રાપ્ત કરે છે

આ વાત તું મામુલી ન ગણીશ. આ વાત અત્યંત કઠીન પણ ન માનીશ આ વાત ઘણી જ મહત્ત્વપૂર્ણ છે. એક સરલ અને સુખદ સાધના છે.

૨૮ માર્ચ, ૧૯૭૩



સંયમ રંગ લાગ્યો : ૫



જ્યારે જીવનમાં દુઃખ આવે છે ત્યારે સામાન્ય મનુષ્ય કોઈ જીવાત્માને અપરાધી માને છે। 'આણે મને દુઃખી કર્યો.' આ વિચારથી જીવદ્વેષ પેદા થાય છે અને તેથી મનમાં અશાન્તિ ઉત્પન્ન થાય છે

પરમાત્મા જિનેશ્વરદેવે કહ્યું છે કે 'જીવાત્માને પોતાના પાપકર્મોના ઉદયથી જ દુઃખ આવે છે' આ વાત જો હૃદયમાં સ્થિર થઈ જાય તો જીવમૈત્રી અખંડિત રહે, મન પ્રશાન્ત રહે અને કર્મબંધથી બચી જવાય

દુઃખનું કારણ આપણાં જ બાંધેલાં પાપકર્મો છે

૨૯ માર્ચ, ૧૯૯૩



૬ : સંયમ રંગ લાગ્યો



આપણી પાસે એવી સમજ સ્પષ્ટ અને દૃઢ હોવી જોઈએ કે જે સમજ આપણને વિકલ્પોથી બચાવી લે અને વિકારોથી બચાવી લે. એવી સમજ જિનોક્ત તત્ત્વોના અધ્યયન–મનન અને ચિંતનમાંથી પ્રાપ્ત થઈ શકે, આપણુ અધ્યયન–મનન હેતુલક્ષી હોવું જોઈએ.

આપણા મનને સદાબહાર રાખવા માટે સતત જાગ્રત રહેવું. મનની મસ્તી અખંડિત રાખવી એનાથી ક્ષયોપશમ વિકસે છે ને આંતરશક્તિ જાગ્રત થાય છે.. બસ, આ માટે જ્ઞાનમૂલક સમજ પ્રાપ્ત કરી લે!

૩૦ માર્ચ, ૧૯૭૩

卐



ઉપકારીના ઉપકારોને ક્યારેય ન ભૂલીશ. ઉપકારી તો ઉપકારી જ રહેશે ! ઇહલૌકિક ઉપકાર કરનારને ન ભૂલી શકાય તો પારલૌકિક ઉપકાર કરનારને તો કેમ જ ભૂલી શકાય ?

એક વખતના ઉપકારી આજે ભલે ઉપકારી ન હોય અને આજે એના તરફથી કોઈ દુઃખ પણ આવ્યું હોય, છતાં એ ઉપકારી પ્રત્યે હૃદયમાં દુર્ભાવ નહીં લાવવાનો !

મને તો આ ગુણ માટે શ્રીપાલ પ્રત્યે અનહદ અનુરાગ છે ! ધવલશેઠ પ્રત્યે ક્યારેય શ્રીપાલે અહિતકારી વિચાર નહોતો કર્યો !

૩૧ માર્ચ, ૧૯૯૨

卐

૮ : સંયમ રંગ લાગ્યો



એક વાતની આપણે ત્યાં આરાધક વર્ગમાં મોટી ઉપેક્ષા થઈ છે. ક્રિયા અને જ્ઞાનની આગળ વધવાનું જ જાણે બંધ થઈ ગયું છે. ધ્યાનની ભૂમિકા વિસરાઈ ગઈ છે.

ધર્મક્રિયાઓમા ચોકસાઈ અને જ્ઞાનની પરિણતિ પ્રાપ્ત કરીને ધ્યાનમાં પ્રવેશ કરવો જોઈએ ધ્યાનમા સૂક્ષ્મ પદાર્થો અને સૂક્ષ્મ તત્ત્વોનો પરિચય થાય છે.

ધ્યાનમગ્નતા માટે ઇન્દ્રિયોનો ઉપશમ અને મનના વિકલ્પોથી મુક્તિ—આ બે વાતો જોઈએ જ તે માટે તપ અને સ્વાધ્યાય જોઈએ.

૧ એપ્રિલ, ૧૯૭૩

卐



મુનિની મસ્તી શામાં ?

રાગમાં કે વિરાગમાં ? ત્યાગમાં કે ભોગમાં ? વિકથામાં કે સત્કથામાં ? આત્મધ્યાનમાં કે દુનિયાના વિચારોમાં ? મસ્તીમાં તો રહેવાનું જ છે. પણ મુનિની મસ્તી લૌકિક ન હોય, અલૌકિક હોય !

આપણી મસ્તી કર્મનો ક્ષય કરનારી હોય. કર્મબંધ કરાવનારી મસ્તી ન હોય આ વાત બરાબર સમજી લેવી જોઈએ. તો આ વાત ભૂલાઈ જશે તો જીવન નિરસ અને નિષ્ફળ બની જશે.

મુનિજીવનનો આનંદ લૌકિક વિશ્વમાં શોધવાનો નથી. અંતર જગતમાંથી મેળવવાનો છે.

૨ એપ્રિલ, ૧૯૯૩






જીવમૈત્રીનો ઉચ્ચતમ ભાવ પ્રગટાવવાનો છે અને વિકસાવવાનો છે

આ ભાવ જાદુઈ છે! વિશ્વ પર આ ભાવના ચોક્કસ પ્રકારના પ્રભાવ છે, એ તું જાણે છે? આપણા સ્વયંના જીવન પર એની ચમત્કારી અસરો પડે છે, એ તું જાણે છે?

એક પણ જીવાત્માના અપવાદ વિના, સર્વ જીવો પ્રત્યે મૈત્રીનો ભાવ પ્રગટાવવો જોઈએ. તે માટે ક્ષમા–યાચના અને ક્ષમા–પ્રદાન, એ પરમોચ્ચ ધર્મ છે. કોઈ પણ જીવ તારી પાસે ક્ષમા યાચે, નિઃશંકપણે ક્ષમાદાન આપી દે! કોઈનો પણ અપરાધ–નાનો યા મોટો થઈ ગયો, તેનો ખ્યાલ આવે કે તુર્ત જ વિનમ્રભાવે ક્ષમા યાચી લે!

૩ એપ્રિલ, ૧૯૭૩

卐



આપણે જે જે ક્રિયાઓ શ્રમણધર્મની ક્રિયાઓ કરવાની જ છે તે તે ક્રિયાઓમાં શા માટે આપણે આનંદ પ્રાપ્ત કરતા ન શીખવું જોઈએ? દા. ત. મુહપત્તિનું પડિલેહણ કરવાનું જ હોય છે તો તેના ૫૦ બોલમાં મન પરોવીને તેના ચિંતન દ્વારા આનંદની અનુભૂતિ કરી શકાય.

એવી રીતે અનેકવાર 'ઇરિયાવહી' કરવાની તો હોય જ છે. શા માટે એના ઉચ્ચાર [illegible] અને ચિંતનમાં પ્રગતિ ન [illegible] એમાંથી [illegible] [illegible] ની [illegible] આત્મપ્રત્યક્ષની [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

૪ એપ્રિલ, ૧૯૬૩

卐



કઠોરતા અને કોમળતા–બંનેનો સમન્વય જીવનમાં સાધવાનો છે. સ્વયં પ્રત્યે કઠોરતા અને અન્ય જીવો પ્રત્યે કોમળતા !


સાધનાના માર્ગે ચાલવા માટે કઠોર બનવું પડશે તો જ ઉપસર્ગ–પરિસહ આનંદથી સહી શકાશે.

અન્ય જીવોને મોક્ષમાર્ગે ચઢાવવા માટે કોમળતા જોઈએ. વાણીમા કોમળતા અને વર્તનમાં પણ કોમળતા !

પાપી અને દોષિત જીવો પ્રત્યે સવિશેષ કોમળ બનજે. અપરાધી જીવો પ્રત્યે કરુણાથી આર્દ્ર બનજે આ બે ગુણોના સમન્વયથી શ્રમણ-જીવન ઉજ્જવલ બનશે

૫ એપ્રિલ. ૧૯૭૩

卐



કોની સાથે કેવો વ્યવહાર કરવો તે વિવેક જોઈએ જો વ્યવહારમાં દક્ષ નહીં બને તો સમાજનો ભક્ષ્ય બની જઈશ

વ્યવહાર-દક્ષતા કાર્યસિદ્ધિની ચાવી છે પરંતુ તે દક્ષતા બહુ ઓછા માણસોમાં જોવા મળે છે તેથી મોટા ભાગના મનુષ્યો જીવનમાં નિષ્ફળતા મેળવે છે

કોની સાથે, ક્યા સમયે, કેવી પદ્ધતિએ કામ લેવું-તેનો બુદ્ધિથી નિર્ણય કરવો જોઈએ દીર્ઘ દૃષ્ટિથી નિર્ણય કરવો જોઈએ

આત્મજ્ઞાન રાખો, વાણીમાં નમ્રતા રાખો અને શીલ વ્રત રાખો, પરંતુ જો વ્યવહારદક્ષતા નહીં હોય તો સમાજના ભક્ષ્ય બની જતાં વાર નહીં લાગે.'

૯ એપ્રિલ, ૧૯૬૩

卐

૧૬ : સંયમ રંગ લાગ્યો



તનનુ આરોગ્ય, મનનું આરોગ્ય અને આત્માનું આરોગ્ય ! આ ત્રણે પ્રકારનાં આરોગ્યનો એક બીજા સાથે સંબંધ છે. પવિત્ર આત્મા પવિત્ર મનમાં રહે છે પવિત્ર મન પવિત્ર શરીરમા રહે છે માટે ત્રણે પ્રકારના આરોગ્યની કાળજી રાખવાની છે.

તનનું આરોગ્ય જાળવવા આહાર–પાણીમા ઉપયોગ રાખવો જોઈએ મનનું આરોગ્ય જાળવવા માટે વિચાર–વિકલ્પો પર સંયમ રાખવો જોઈએ. આત્માનું આરોગ્ય જાળવવા માટે વિષય-કષાયોથી નિરંતર બચતા રહેવું જોઈએ

૯ એપ્રિલ, ૧૯૭૩

卐



બોલવા કરતા મૌનનો મહિમા વધુ મનાય
ચંચળતા કરતા સ્થિરતાનો મહિમા વધુ મનાય
ઘણું વિચારો કરવા કરતા વિચાર-રહિત મનવાળા
વધુ પસંદ કરું છું [illegible] માટે નહિ પણ [illegible]
વિશ્વનું આ પરમ સત્ય છે માટે ! [illegible]
માટે નહિ પરંતુ અનુભવી મહાપુરુષોના [illegible]
છે માટે !

[illegible]જીવનમાં મૌન [illegible] અને વિચાર-
રહિતતા અતિ આવશ્યક તત્ત્વ છે [illegible] આત્મ-
[illegible] [illegible] થાય છે અને [illegible] ભૂમિકાનો
[illegible] [illegible]

[illegible] [illegible] [illegible] [illegible]
વિચારોને [illegible] [illegible]

[illegible]

卐



પરમાત્મસમર્પણભાવ એક સર્વોત્તમભાવ છે. એ ભાવને પ્રગટાવવા માટે અને ટકાવવા માટે પરમાત્મ તત્ત્વનું ખૂબ ખૂબ ચિંતન કર.

પરમાત્મશક્તિનું જેમ જેમ ભાન થતું જશે, શ્રદ્ધા અને વિશ્વાસ વધતાં જશે, તેમ તેમ સમર્પણભાવ વધતો જશે

પરમાત્માનો અચિંત્ય પ્રભાવ એકવાર પણ અનુભવમા આવી જાય, તો શ્રદ્ધા દૃઢ થઈ જાય.

આ સમર્પણભાવમા સ્વાર્થનું વિસર્જન થતુ જાય છે અને મનમાં અપૂર્વ પ્રસન્નતા પ્રગટે છે

મહામહિમાવત અરિહંત પરમાત્મા મળી ગયા છે તો એમની સાથે ગાઢ સંબંધ બાંધી જ લેજે !

૧૧ એપ્રિલ, ૧૯૭૩





આચરણ કરતા પાછી ન [illegible]! [illegible] થાક નો લાગે [illegible] ન [illegible] જોઈએ! આચરણ [illegible] નથી!

"[illegible] [illegible] સિવા ન આચરણ [illegible]! [illegible] ચમકતા [illegible] અપૂર્વ તત્ત્વો [illegible] જ્ઞાનપ્રકાશ [illegible]?

[illegible]

[illegible] ૧૯૬૬



જીવનમા એક અતિઉપયોગી વાત તને કહું છું. આપણું શ્રમણ-જીવન સ્થવિર-કલ્પનું જીવન છે એટલે અનેક શ્રમણો સાથે જીવન જીવવાનું છે માટે અનેક સાથે કેવી રીતે મૈત્રીપૂર્ણ જીવન જીવી શકાય, એ પ્રશસ્ત વ્યવહારમા કુશળ બની જવું જોઈએ. 'વ્યવહાર કુશળતા એ સફળ જીવનની Master key છે!'

વ્યવહાર કુશળતાની કેટલીક અગત્યની વાતો તને કહેવા માગું છું. તું એ વાતો પર ગંભીરતાથી વિચારજે અને એ વાતોને હૃદયસ્થ કરજે. વ્યવહાર કુશળતા તારા જીવનને આનંદપૂર્ણ બનાવી દેશે નિર્ભયતા, નિરાકુલતા અને સર્વજનપ્રિયતા પ્રાપ્ત થશે

૧૩ એપ્રિલ, ૧૯૭૩

卐



કોઈ શ્રમણ [illegible] છે. [illegible] પોતાના કામ કરવા [illegible] ન કહેવું પડે કે [illegible] હોય એ પૂર્વે જ [illegible] આવી રીતે [illegible] જોઈએ કે [illegible] પ્રમાણે [illegible]

આવી રીતે [illegible] એ ધ્યાન [illegible]

[illegible]



ગ્યા



કોઈ પણ વડિલમુનિ તને ગોઢાવતા હોય, ભલે એ વખતે તારું મન ખિન્ન હોય, પરંતુ તે વખતે મુખ પર પ્રસન્નતા આવી જ જવી જોઈએ. આંખોમાં આદર, મુખ પર આછેરું સ્મિત અને જબાન પર મધુર શબ્દ।

આપણી માનસિક અસ્વસ્થતાનો ખ્યાલ મકાનમાય કોઈને ન આવવો જોઈએ. બહારનાને તો ન જ આવે. એવી રીતે, આપણા પ્રત્યે થોડો પણ આદર, સ્નેહ, સદ્ભાવ ધરાવનારને એમ ન લાગવુ જોઈએ કે "આ કંઈક નારાજ લાગે છે।" બીજાઓને એમ જ લાગવું જોઈએ કે 'આ મુનિરાજ સદૈવ પ્રસન્ન જ રહે છે।'

૧૫ એપ્રિલ, ૧૯૭૩



માની લે કે તારી પાસે [illegible] પાત્ર, [illegible] કે પુસ્તક છે અથવા [illegible] છે અને ભૌતિક કોઈ [illegible] ને ગમી [illegible] એ આગતા નથી. પરંતુ તને ખ્યાલ આવી [illegible] કે [illegible] આ બધું આમને ગમી [illegible] તરત જ એમને [illegible] અને [illegible]!

એવી જ રીતે [illegible] તને [illegible] [illegible] [illegible] [illegible].

[illegible]

[illegible]






જેમની સાથે રહેવાનું છે, તેમના સ્વભાવને ઓળખી લેવા જોઈએ સ્વભાવ ઓળખીને એમની સાથે બોલવું જોઈએ. દા. ત.. કોઈને વ્યંગ્યની ભાષા ન ગમતી હોય, તેમની સાથે વ્યંગ્યની ભાષામાં બોલવું નહીં કોઈને બહુ હસવું પસંદ ન હોય, તેમની સામે હસવાનું નહીં, ગંભીરતાથી વાત કરવી!

કોઈ મુનિની મશ્કરી તો કરવી જ નહીં. જ્યા સુધી મીઠા સંબંધ હશે ત્યા સુધી તો વાંધો નહીં આવે, પરંતુ જ્યાં સંબંધો બગડ્યા, કે શત્રુ બની જતાં વાર નહીં લાગે .. અને એ નિંદક બની જશે

સ્વભાવ-પરિચય બહુ જરૂરી છે, અને અનુરૂપ વ્યવહાર જરૂરી છે.

૧૭ એપ્રિલ, ૧૯૭૩

卐



કોઈપણ મુનિ [illegible]

હોય તો એમની [illegible]

કરો ? એમ વિનય [illegible]

[illegible] નથી । [illegible]

હોય કે [illegible]

[illegible]

નથી. અને [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

卐



ભૂલ થઈ જવી તે તો સ્વાભાવિક છે પરંતુ આપણી ભૂલને 'ભૂલ' સમજીને, જે જીવાત્મા પ્રત્યે ભૂલ થઈ હોય તેની ક્ષમા માગવી 'मिच्छामि दुक्कड' આપવું એ શ્રમણ જીવનની વિશેષતા છે, આરાધના છે. અશઠભાવે આ 'मिच्छामि दुक्कडं' ની આરાધના કરવાની છે.

જડ કરતાં જીવનું મૂલ્યાકન વિશેષરૂપે સમજી લેવું જોઈએ, જીવો પ્રત્યે જેમ બને તેમ ઓછા અપરાધો થવા જોઈએ. તુ જાણે છે કે શ્રમણ સર્વ જીવોને અભયદાન આપનાર મહાકરુણાવંત પુરુષ છે જેમ અન્ય જીવો પ્રત્યે કરુણા કરવાની છે તેમ શ્રમણો પ્રત્યે તો ઉચ્ચતમ પ્રમોદભાવ ધારણ કરવાનો છે

૧૯ એપ્રિલ, ૧૯૭૩



ગુરુવચનને [illegible] નથી ને
આજ્ઞા [illegible]
[illegible] આપણામાંથી [illegible]
[illegible] જીવન [illegible]
આજ્ઞા [illegible] માટે [illegible]
[illegible]
[illegible]
[illegible] જિનની [illegible]
[illegible]

[illegible]

[illegible]

[illegible]

卐



વર્તમાનકાળે આપણું શ્રમણજીવન વધુ ને વધુ સામાજિક બનતું જાય છે. સમાજના જીવોનો સંપર્ક વધતો જાય છે. સંસારી જીવોનો અધિક પરિચય આપણી વૈરાગ્ય-પરિણતિને ધક્કો મારે છે ગમે તેમ તોય સંસારી જીવોને ! રાગદ્વેષની એમની પરિણતિ આપણા જીવન પર અસર કરે, 'संसर्गजन्या. दोषा.'

સંસારી જીવોના સંપર્કમા પણ એમની અસર (રાગદ્વેષની) આપણા પર ન થાય, તેવી સ્થિતિ પ્રાપ્ત કરવા માટે જ્ઞાનસિદ્ધ બનવું પડે ज्ञानसिद्धा न लिप्यंते' જ્યા સુધી જ્ઞાનસિદ્ધ ન બનાય, ત્યાં સુધી લોકસંપર્ક વધારવા પ્રયત્ન ન કરવો જોઈએ.

૨૧ એપ્રિલ, ૧૯૭૩





ગંભીર અને ગાઢ અધ્યયન કરવા માટે કેટલીક અગત્યની વાતો પર ધ્યાન આપવા જેવું છે

(૧) અધ્યયન સિવાયની પ્રવૃત્તિઓ [illegible] આવશ્યક નથી, તે ઓછી કરવી.

(૨) [illegible] ત્યાગ કરવો.

(૩) મનને આડી અવળી વાતોમાં [illegible] નહિ.

(૪) [illegible]

(૫) [illegible]

(૬) [illegible]

[illegible]



શક્તિનો સંગ્રહ કર આપણે ત્રિવિધ શક્તિનો સંગ્રહ કરવાનો છે. (૧) વિચારશક્તિ (૨) વચન-શક્તિ અને (૩) વીર્યશક્તિ.

એના માટે નિરંતર તત્ત્વચિંતન, મૌન અને બ્રહ્મચર્ય આ ત્રણ વાતો તરફ પૂર્ણ લક્ષ રાખવું જોઈએ. વિચારો તત્ત્વચિંતનપૂર્ણ બને અને જબાન પર મૌનનો સંયમ આવી જાય.. બ્રહ્મચર્યના પાલનથી વીર્યશક્તિનો સંચય થઈ જાય.

આ રીતે કરેલો શક્તિસંગ્રહ કરોડો અબજોની સંપત્તિ કરતા પણ અધિક મૂલ્યવાન સંપત્તિ છે. આ સંપત્તિ વેડફાઈ ન જવી જોઈએ

૨૫ એપ્રિલ, ૧૯૭૩

卐



[illegible]

卐



પ્રશ્ન : 'ઇચ્છાકારાદિ સામાચારીનું પાલન કરવું હોય તો કરવાનું છે કે કરવાનું જ છે? ન કરીએ તો ચાલે?'

ઉત્તર : ઇચ્છાકારાદિ સામાચારીનું પાલન અવશ્યમેવ કરવાનું છે. ન કરીએ તો ન ચાલે. આપણે એનું પાલન કરવાનું નૈતિક બંધન સ્વીકારવું જ જોઈએ

પ્રશ્ન : પાલન ન કરીએ તો?

ઉત્તર : તો (૧) સ્વયંના જીવનમાં અશાન્તિ (૨) જિનશાસન પ્રત્યે અપરાધી (૩) અનુશાસન હીનતાની ખોટી પરંપરા ચાલુ. (૪) સંઘ જીવનમાં અશાન્તિ અને મૈત્રીભંગ

૨૯ એપ્રિલ, ૧૯૭૩



[illegible]



[illegible]

રહે, અન્તરાત્મા બને, અને શ્રમણ જીવનનાં તમામ કર્તવ્યોના પાલનમાં દત્તચિત્ત બને.

તારી દૃષ્ટિ જ્ઞાનદૃષ્ટિ બનો. તારી સૃષ્ટિ ગુરુસૃષ્ટિ બનો અને તારી ભક્તિ પરમાત્માના પાવન ચરણે બની રહો !


તું નિરોગી રહે ! તારી વાણી હિત-મિત-સત્ય અને પ્રિય રહે ! મૈત્ર્યાદિભાવોમા તારી રમણતા રહે બને જિનશાસનનો તું વીર સુભટ બને !

વિ. સં. ૨૦૩૦
વૈશાખ સુદ. ૧૦
બેડતારોડ (રાજ)

૧ મે, ૧૯૭૩







સવારે એક કાર્ય માટે ગુરુમહારાજની આજ્ઞા લઈ લીધી, તે પછી જ્યારે એ કાર્ય કરવાનું હોય. બપોરે કે સાંજે, પુનઃ ગુરુ મહારાજને પૂછી લેવાનું ! તે પ્રતિપૃચ્છા કહેવાય.

આજ્ઞા મેળવ્યા પછી કાળક્ષેપ થયો હોય, તે દરમિયાન સંયોગ પરિસ્થિતિ બદલાઈ જતા આજ્ઞા પણ બદલાઈ જવાનો સંભવ હોય છે. એટલે પ્રવૃત્તિ કરતી વખતે પુનઃ પૂછીને જ કાર્ય કરવાનું,

'એક વખત પૂછી જ લીધું છે ને ફરી પૂછવાની શી જરૂર ?' એમ નહીં વિચારવાનું એમ વિચાર કરવાથી ગુરુ–ઉપેક્ષાનું દૂષણ વધતું જાય છે ગુરુ–ઉપેક્ષા અનેક અનર્થનું મૂળ છે. માટે પૃચ્છા–પ્રતિપૃચ્છાનો આચાર સારી રીતે પાળવો જોઈએ.

૧૦ મે, ૧૯૭૩





હા, ક્યારેક વિશિષ્ટ ગ્રન્થોનું અધ્યયન કરવા માટે, અથવા વિશિષ્ટ કોટીની સંયમ આરાધના માટે બીજા સુયોગ્ય આચાર્યાદિની પાસે પણ જવાનો અને રહેવાનો અવસર આવે. તે સમયે ગુરુજનોની આજ્ઞા પ્રાપ્ત કરીને, જેમની પાસે જવાનું હોય તેમની ઉપસંપદા સ્વીકારવાની વિધિ છે શાસ્ત્રોમાં!

આજે આ સામાચારી જિવંત નથી. આ સામાચારીના ભંગથી શ્રમણસંઘમાં કલેશ અને પરસ્પરમાં વૈર-વિરોધ પેદા થયા. શ્રમણસંઘને સ્પર્શતી સામાચારીઓનાં જો વ્યવસ્થિત પાલન થાય તો સંઘશાન્તિની સ્થાપના થયા વિના ન રહે. શ્રમણસંઘનો પ્રભાવ વધ્યા વિના ન રહે.

૧૨ મે, ૧૯૭૩





પ્રતિલેખન એ માત્ર ઉપધિને ઊંચી-નીચી કરવાની કે ધૂળ ખંખરવાની ક્રિયા નથી, પરંતુ શ્રમણજીવનની સાધનાની અનુક્રમણિકાનું પુનઃ પુનઃ એમા સ્મરણ કરવાનું છે। ૫૦-૨૫-૧૦ બોલ વારંવાર બોલવા પાછળ માત્ર રુઢી નથી, માત્ર બોલવા ખાતર બોલવાના નથી, પરંતુ એક એક બોલ આત્મચિંતનની પ્રેરણા આપનાર અદ્ભુત મંત્ર છે.

માટે પ્રતિલેખનની ક્રિયા પ્રત્યે આદરભાવ વધવો જોઈએ ક્રિયા ઉપયોગવાળી થવી જોઈએ. ઉપયોગશૂન્ય સમ્મૂચ્છિંમ ક્રિયા કરવામા તો અનંત કાળ વીતી ગયો.

આ વિચારવંત જીવનમાં વિચારશૂન્ય શા માટે બનવું ? ઉચ્ચકોટિનું તત્ત્વચિંતણ ત્યજી નિમ્નસ્તરના વિચારો શા માટે કરવા ?

૧૪ મે, ૧૯૭૩





દૃષ્ટિમાં કૃપા, વાણીમાં સુધા !

સકલ જીવસૃષ્ટિ પર કૃપાની વૃષ્ટિ થવા દે ! તારી દૃષ્ટિમાંથી નિરંતર કૃપા વરસતી રાખ. કૃપા એટલે કરુણા, કૃપા એટલે દયા. સર્વજીવો પ્રત્યે કરુણાનો ભાવ રાખવાનો છે, યોગ્ય હોય કે અયોગ્ય હોય.

વાણીમાં શમરસની સુધા ! એવી વાણી હોય કે સાંભળનાર અમૃતનો રસાસ્વાદ કરે. એને અમૃત જ લાગે

આ બે લક્ષણો યોગીકક્ષાના મુનિરાજનાં છે. આવા મુનિજન હંમેશા વંદનીય, પૂજનીય અને આદર્શ બને છે

આપણી સાધના-આરાધનાનાં પણ આ બે લક્ષણિંદુ હાવાં જોઈએ

૧૬ મે, ૧૯૭૩

卐



મર્યાદાઓનું પાલન જીવનને અનેક અકસ્માતોથી બચાવી લે છે શ્રમણજીવનમાં સ્વમર્યાદાઓનાં પાલન સાથે પર–મર્યાદાઓનાં પાલનમાં પણ જાગ્રત રહેવાનું છે.


(૧) પૂજ્ય ગુરુમહારાજની મર્યાદા
(૨) વડીલ મુનિવરોની મર્યાદા.
(૩) આચાર્યાદિ પદસ્થોની મર્યાદા.
(૪) વૃદ્ધ મુનિવરોની મર્યાદા.

આ બધાના વિનય સાથે, એમનું અપમાન, આશાતના કે હાંસી ન થઈ જાય, તેની સંપૂર્ણ કાળજી રાખવાની છે એમનો અવસરોચિત વિનય કરવાનો ભૂલીશ નહીં.

જો આ મર્યાદાપાલનમા દક્ષ બન્યો રહીશ તો અનેક દુર્લભ સફળતાઓ તારા માટે સુલભ બની જશે!

૧૮ મે, ૧૯૭૩

卐



માન–અપમાનની ચિંતાથી હંમેશાં મુક્ત જોઈએ કોઈ આપણને માન આપે છે, કોઈ આપણું અપમાન કરે છે બંને સમયે મધ્યસ્થ રહેવા પ્રયત્ન કરજે.

સ્વ પરમ ગુરુદેવશ્રીના જીવનની આ વિશેષતા હતી ક્યારે ય તેમણે માનની ઝંખના કરી ન હતી. ક્યારે ય અપમાન કરનાર પ્રત્યે દ્વેષ કર્યો ન હતો...ગૃહસ્થ હોય કે સાધુ હોય... તેઓ કહેતા હતા, 'દરેક જીવ પોતપોતાની પાત્રતા મુજબ વર્તે છે!'

તેઓશ્રી અંતિમ વર્ષોમા ખૂબ સમતા–સમાધિ જાળવી શક્યા, તેનું આ જ રહસ્ય લાગે છે. આજીવન સમતાભાવને કેળવનાર મહાત્માને અંત સમયે અપૂર્વ સમતા મળે–તે સ્વાભાવિક જ છે ને!

૨૦ મે, ૧૯૭૩





बालधूलीगृहक्रीडा–तुल्याऽस्यां भाति धीमताम् ।
तमोग्रन्थिविभेदेन भवचेष्टाऽखिलैव हि ॥ १५५॥

સમગ્ર સંસારની પ્રવૃત્તિનું દર્શન કેવું કરે છે ? વર્ષાકાળમાં બાળકો માટીનાં ઘરની રમત રમે છે ને ? બસ, એવું દર્શન સમગ્ર સંસારની પ્રવૃત્તિઓનું કરવાનું છે !

કરવાનું નથી, થઈ જ જાય ! અનાદિ મોહ–અંધકાર દૂર થતાં જ એ દર્શન થઈ જાય છે બાળકોનો ખેલ ! 'બાલધૂલી ગૃહક્રીડા સરખી ભવચેષ્ટા ઈહા ભાસે'.. એનાથી કંઈ જ વિશેષ નહીં ! 'યોગદૃષ્ટિ' ગ્રન્થમાં મહાન્ યોગી શ્રી હરિભદ્રસૂરીશ્વરજી આ દર્શન કરવાનું કહે છે. તમોગ્રન્થીનો ભેદ થતાં આ દર્શન થાય.. કેવી યથાર્થ દૃષ્ટિ છે !

૨૬ મે, ૧૯૭૩

卐



કેવું જીવન બનાવવું છે એની સ્પષ્ટ કલ્પના મનુષ્યને હોવી જોઈએ, તે મુજબ જીવન-નિર્માણનો પુરુષાર્થ કરવો જોઈએ.

જીવનનિર્માણમાં કેટલીક અતિઆવશ્યક મૌલિક વાતોની ઉપેક્ષા ન કરવી જોઈએ; તેમાં મુખ્ય છે દીર્ઘદૃષ્ટિ અને વિવેકદૃષ્ટિ.

તત્કાલિક લાભ-નુકશાનનો જ વિચાર કરીને કામ નહીં કરવાનું ભવિષ્યના લાભ-નુકશાનનો પુખ્ત વિચાર કરવાની ક્ષમતા જોઈએ. આપણી વચન-કાયાની પ્રવૃત્તિનું તત્કાલીન પરિણામ અને ભવિષ્યકાલીન પરિણામ શું આવશે, એની સાચી કલ્પના કરવાની ક્ષમતા પણ જોઈએ.

આની સાથે મનુષ્યનો પોતાનો પુણ્યોદય પણ જોઈએ છે.

૨૮ મે, ૧૯૭૩





જ્યારે 'આક્રોશ-પરિસહ' સહન નથી થતો, જ્યારે આપણી અમુક ઇચ્છાઓ પૂર્ણ થતી નથી, સંયમના અનુષ્ઠાનોમાં કંટાળો આવે છે, ત્યારે ગુરુમહારાજ પ્રત્યે રોષ, રીસ અને ગુસ્સો આવી જાય છે। આ કમજોરી જલદીથી જલદી દૂર કરી દેવી જોઈએ.

ક્યારેય મનમા એ બળાપો ન કરવો· એનાથી આપણા મનની શાન્તિ હણાય છે, પ્રસન્નતા નાશ પામે છે સમાધિ ઘવાય છે અને આ બધું જાય પછી શું રહે ? માટે તું તારા મનને એવી રીતે કેળવ કે આક્રોશ પરિસહ સારી રીતે સહી શકાય. સયમના અનુષ્ઠાનોમાં ક્યારે ય કંટાળો ન આવે

30 મે, ૧૯૭૩

卐



અસંખ્ય નિરાશાઓ માટે એક જ હૈયાધારણ છે ...શ્રી જિનેશ્વર ભગવંતના ધર્મશાસન પરની શ્રદ્ધા ! જિનોક્ત તત્ત્વો પર યથાર્થતાનો વિશ્વાસ!

હા, એ શ્રદ્ધા અને વિશ્વાસમાંથી ક્યારેક સત્ત્વ પ્રગટી જાય અને અંતરના શત્રુઓ સામે યુદ્ધે ચઢી જવાય તો.. કામ થઈ જાય....

વૈષયિક સુખોનો રાગ છે અને બાહ્ય દુઃખોનો સતત ભય સતાવે છે .. અને તેથી ધર્મપુરુષાર્થની કઠોરતા આવતી નથી; ધર્મમાર્ગનાં કષ્ટો સહન કરવાને મન તત્પર થતું નથી...

પ્રભુના ધર્મશાસન પર અવિચલ શ્રદ્ધા બની રહો એ જ એ કરુણાનિધાનના ચરણે અંતઃકરણની પ્રાર્થના !

૧ જૂન, ૧૯૭૩

卐



એક સંતપુરુષના જીવનની એક ઘટના વાંચી... એક દિવસ એક સ્ત્રીએ ભક્તિભાવથી એ સંતના ચરણે સ્પર્શ કર્યો... ને સંત ચિત્કાર કરી ઉઠયા... એમને વીંછીના ડંખ જેવી વેદના થઈ આવી.... ગંગાજલ જ્યારે એ ડંખ ઉપર છાંટયું ત્યારે એમની વેદના શમી.

પાપો કરવાથી શરીરમાં વેદનાઓ થતી હોય તો તો ઘણા પાપ છૂટી જાય! પરંતુ પુણ્યોદય એ થવા દેતો નથી

એ જ સત્ત્વ જોઈએ છે, એ જ પરાક્રમ જોઈએ છે....કે પાપોથી મળતાં સુખો સામે દૃષ્ટિ પણ ન જાય!

પાપોથી મળતા સુખો વિના પ્રસન્નતાપૂર્ણ જીવન જીવવાની ઇચ્છા છે એ ઇચ્છા ક્યારે પૂર્ણ થશે?

૩ જુન, ૧૯૭૩





તેજસ્વી વ્યક્તિત્વ બીજાઓને આંજી નાંખે છે, પરંતુ આકર્ષી શકતું નથી, પ્રશાંત વ્યક્તિત્વ જીવોને આકર્ષે છે જીવો એ વ્યક્તિત્વ તરફ આંખો સ્થિર કરી શકે છે.. એની પાસે બેસી શકે છે અને મનના સંતાપ મિટાવી શકે છે.

પ્રશાંત વ્યક્તિત્વનું સર્જન કર. તેનાથી તું સ્વયં અદ્‌ભુત શાન્તિ અનુભવીશ અને તારી પાસે આવનારા અમૃતતત્ત્વ પ્રાપ્ત કરી શકશે.

શરદપુનમના ચંદ્રના પ્રકાશમાં જેમ લાખો મનુષ્યો પરમ આહ્‌લાદ અનુભવે છે તેમ તારા જ્ઞાનપ્રકાશમાં કરોડો મનુષ્યો અંતઃ ચેતના સાથે યથેચ્છ ક્રીડા કરી પરમ આહ્‌લાદ અનુભવશે !

૫ જૂન, ૧૯૭૩





મનમોહક
સૌજન્યશીલ વ્યક્તિત્વ કેટલું
વ્યક્તિત્વ હોય છે ! મને આવુ વ્યક્તિત્વ ખૂબ જ
પ્રિય લાગે છે મને શુ, સહુ સહૃદય મનુષ્યોને
આવું વ્યક્તિત્વ આકર્ષતું હોય છે !
પ્રિય મુનિ, હુ તને કહુ એક વાત ? હું
જેમના પ્રત્યે આકર્ષાયો છુ, તેઓમાં મે સવિશેષ
સૌજન્ય જોયું છે સૌજન્યમા હોય છે નિર્દંભ
સરલતા. વિનમ્રતા અને પ્રેમાળતા ! સૌજન્યશીલ
મનુષ્યના મુખ ઉપર હંમેશા સ્મિત ફરકતુ રહે છે.
સૌજન્યની સાથે દાક્ષિણ્ય ભળે છે, ત્યારે
તો એ મનુષ્ય હજારો-લાખોનો પ્રાણપ્યારો બની
જાય છે, એના જીવનમા પ્રસન્નતા ફેલાઈ જાય છે.
તેનુ વ્યક્તિત્વ મહાબાહાર બની જાય છે.

૭ જુન, ૧૯૭૩

૭૬ : સંયમ રંગ લાગ્યો



માનસિક વિકલ્પો જ્યારે મનની પ્રસન્નતાને આગ ચાંપે છે, કોમળતાના પુષ્પોને કચડી નાખે છે, જ્ઞાનના દીપકને ઝાંખો કરી દે છે ત્યારે તું શું કરીશ?

મારો અનુભવ તને કહું? એ વખતે વાર વાર શ્રી 'પંચસૂત્ર'ના પ્રથમ સૂત્રનો સ્વાધ્યાય કરવો. કર્યા જ કરવો! અને શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવંતના ખોળે મસ્તક મૂકી દેવું આંખો બંધ કરીને ભાવનાથી એ પ્યારા પ્રભુજી પાસે પહોચી જવું.

હે પ્રિય મુનિ! આ અદ્‌ભુત સહારો છે. મને એના અનેક સુખદ અનુભવ છે.. જીવનમાં જો આ સહારો ન મળ્યો હોત તો....હું તને ન મળ્યો હોત. હું હોત જ નહી.

૯ જૂન, ૧૯૯૩



જેમ વિદ્વાનોએ કહ્યું : 'उपदेशो ही मूर्खाणा प्रकोपाय ज यन्ते' તેમ હું તને કહું છું કે જેઓ પોતાને સમજદાર માનતા હોય, બુદ્ધિમાન માનતા હોય, તેમને ઉપદેશ આપવા જઈશ તો તેનાથી તેમને આનંદ નહીં થાય, રોષ થશે.

સત્ય સહુને ગમે, એવો નિયમ નથી ક્યારેક આપણને જે સત્ય લાગે તે બીજાઓને સત્ય ન પણ લાગે

બુદ્ધિમાનને બહુ ઉપદેશ ન આપવો. એને તો ઇશારો જ બસ હોય છે. વિનમ્ર બુદ્ધિમાન જ ઉપદેશ સાંભળી શકે છે. સાંભળીને પ્રસન્નતા અનુભવી શકે છે.

ઉપદેશ આપવામા ને ઉપદેશ સાંભળવામાં વિનમ્ર બુદ્ધિમતા શ્રેષ્ઠ માધ્યમ છે.

૧૧ જૂન, ૧૯૭૩

卐



જેમ વિદ્વાનોએ કહ્યું 'उपदेशो ही मूर्खाणां प्रकोपाय न शान्तये' તેમ હું તને કહું છું કે જેઓ પોતાને સમજદાર માનતા હોય, બુદ્ધિમાન માનતા હોય, તેમને ઉપદેશ આપવા જઈશ તો તેનાથી તેમને આનંદ નહીં થાય, રોષ થશે

સત્ય સહુને ગમે, એવો નિયમ નથી ક્યારેક આપણને જે સત્ય લાગે તે બીજાઓને સત્ય ન પણ લાગે

બુદ્ધિમાનને બહુ ઉપદેશ ન આપવો એને તો ઈશારો જ બસ હોય છે વિનમ્ર બુદ્ધિમાન જ ઉપદેશ સાંભળી શકે છે સાંભળીને પ્રસન્નતા અનુભવી શકે છે.

ઉપદેશ આપવામા ને ઉપદેશ સાંભળવામાં વિનમ્ર બુદ્ધિમતા એક માધ્યમ છે.

૧૧ જુન, ૧૯૭૩





જેમ વિદ્વાનોએ કહ્યું : 'उपदेशो हि मूर्खाणा प्रकोपाय ज यते' તેમ હું તને કહું છું કે જેઓ પોતાને સમજદાર માનતા હોય, બુદ્ધિમાન માનતા હોય, તેમને ઉપદેશ આપવા જઈશ તો તેનાથી તેમને આનંદ નહીં થાય, રોષ થશે.

સત્ય સહુને ગમે, એવો નિયમ નથી ક્યારેક આપણને જે સત્ય લાગે તે બીજાઓને સત્ય ન પણ લાગે

બુદ્ધિમાનને બહુ ઉપદેશ ન આપવો એને તો ઇશારો જ બસ હોય છે વિનમ્ર બુદ્ધિમાન જ ઉપદેશ સાંભળી શકે છે. સાંભળીને પ્રસન્નતા અનુભવી શકે છે.

ઉપદેશ આપવામાં ને ઉપદેશ સાંભળવામાં વિનમ્ર બુદ્ધિમત્તા શ્રેષ્ઠ માધ્યમ છે.

૧૧ જુન, ૧૯૭૩

卐



દુખ સહન કરવુ એ શ્રેષ્ઠ તપશ્ચર્યા છે.

મુક્ત મને દુખ સહન કરવાની તૈયારી રાખવાની છે.

શારીરિક અને માનસિક દુ.ખો આપણા જીવનમા સ્વાભાવિક છે .. એને સમતાભાવે સહન કરવાની તપશ્ચર્યા કરવાની છે!

મુનિ! હામ હારવાની નથી. સત્ત્વ વિકસાવવાનુ છે

'सर्व सत्त्वे प्रतिष्ठितम्' જેનામાં સત્ત્વ છે તે સર્વ સિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે.

પ્રિયમુનિ! દિન-રાત જીવનપર્યંત આવું તપસ્વી જીવન જીવવાનુ છે, ને તેમાથી આનંદ મેળવવાનો છે દુખ પછીનું સુખ કેવું અદ્ભુત હોય છે!

૧૩ જૂન, ૧૯૭૩

卐




મનમાં ક્યારે ય કોઈ વાતે ઓછું ન લાવીશ. શા માટે ઓછું લાવવાનું ? 'પૂર્ણોઽસ્મિ' હું પૂર્ણ છું ! પૂર્ણતાનો વિચાર અપૂર્ણતાની દીનતાનો નાશ કરી દેશે.

દ્રવ્યાસ્તિક નયથી આત્માનું ચિંતન કરવાની ટેવ પાડવાની છે દ્રવ્યાસ્તિક નય આત્માની પૂર્ણતા તરફ દૃષ્ટિ ખોલે છે. આત્માના શુદ્ધ, બુદ્ધ. મુક્ત પ્રદેશમાં વિચરણ કરાવે છે.

થોડી ક્ષણો આ રીતે બાહ્ય દુનિયાથી . બાહ્ય દુનિયાના દ્વન્દ્વોથી મુક્ત બનવું જરૂરી છે. બાહ્ય વિશ્વનો સંપર્ક થોડી ક્ષણો માટે તોડી નાખી આત્માની અગમ-અગોચર સૃષ્ટિમાં ચાલ્યો જા ! અપૂર્વ આનંદ અનુભવીશ.

૧૪ જૂન. ૧૯૬૩





તારુ મન સદૈવ પ્રસન્ન રહે એમ હું ચાહું છુ એ માટે હું જાગ્રત પણ રહું છું. તારા મનની પ્રસન્નતાને ધક્કો લાગે તેવો કોઈ પ્રસગ ન બને, તેની હુ કાળજી રાખું છું એટલા માટે કે તારી પ્રસન્નતા બની રહે અને તારો વિકાસ ચાલુ રહે. તારું સ્વાસ્થ્ય સારું રહે. તારું અધ્યયન સારું થાય. હે વત્સ! તું મને સમજવા પ્રયત્ન કર. તારા હિતની, તારા સુખની સતત ચિંતા કરતા મને તારે સમજવા પડશે . .સમજીશ તો તુ સદૈવ પ્રસન્ન રહીશ

"दुर्लभ गाढ़ स्वचित्तरञ्जनम्"। પોતાના ચિત્તની પ્રસન્નતા જેવું દુનિયામા બીજું કંઈ દુર્લભ નથી.

૨૨ જૂન, ૧૯૭૩

卐



બેચેની ત્યજી દે. નિરાશા ફેંકી દે નવા આનંદ અને ઉલ્લાસ સાથે જીવનના પગથારે ઊભેલો તને જોવા ઇચ્છું છું પરંતુ મારી ઇચ્છાનું શું ચાલે? મારી ભાવનાનું શું વજન? જોઈએ તારી પ્રબલ ઇચ્છા! પ્રબલ ઇચ્છાશક્તિથી જો તું તારા મનને બદલી દે તો?

'ભવિષ્યતા'ના સિદ્ધાંત પર ભવિષ્યની ઘણી ચિંતાઓ ત્યજી દેવી. ભવિષ્યના વિચારો.. કલ્પનાઓ. ચિંતાઓ કરવાની જરૂર જ નથી 'જેવી ભવિતવ્યતા હશે તે પ્રમાણે જ બનવાનું છે!' આ રીતે 'ભવિતવ્યતા'ના સહારે ભવિષ્યથી નિશ્ચિંત બની. વર્તમાનને પ્રસન્ન બનાવી દે! 'ગતં ન શોચ્ય' ભૂતકાળની દુ:ખદ ઘટનાઓને તો ભૂમિના ઊંડાણમાં જ દફનાવી દેવાની

૨૨ જૂન. ૧૯૮૬





માનવનું જીવન એક સંગ્રામ છે! એક વ્યાપક સંગ્રામ છે. સંગ્રામમાં હાર ને જીત આવ્યા જ કરે છે. કોઈ પ્રસંગે હાર તો કોઈ પ્રસંગે જીત! હારમાં હિંમત ન હારવી અને જીતમાં મદ ન કરવો—એ સંગ્રામ ગણિત છે.

સાધકજીવનમાં પણ આંતર–બાહ્ય સંઘર્ષો ચાલ્યા જ કરે છે. તે સંઘર્ષોમાં સમાધાન શોધવા નિરંતર પ્રયત્નશીલ રહેવું જોઈએ. દરેક સંઘર્ષમાં સમાધાન કરવાની વૃત્તિ અને કલા આપણી પાસે હોવા જ જોઈએ.

'समाधानं मनो विजय' આપણા મનનું સમાધાન કરી જ્ઞાનમગ્નતા પ્રાપ્ત કરવાની છે. સંઘર્ષમાં ખૂંચવાયેલું મન જ્ઞાનમગ્ન બની શકતું નથી; તેથી જ્ઞાનાનંદ અનુભવી શકતો નથી.

૨૩ જૂન, ૧૯૭૨

卐



તું પૂજનીય સ્મરણીય એવી મહાન વિભૂતિઓના જીવન જો! એમના જીવન આંતર-બાહ્ય દુઃખો. યાતનાઓ અને ત્રાસથી ભરેલાં હતા! પરિસ્થિતિઓ અને સંયોગો પ્રતિકૂળ હતા.... એમા એમની પ્રતિભા ઉપસી હતી.

એ વિભૂતિઓએ એ પ્રતિકૂળતાઓમા ધૈર્ય. સમતા અને શૌર્યનો વિશ્વને પરિચય કરાવ્યો હતો આનંદપૂર્વક દુઃખો સહન કરવાની અપૂર્વ-શક્તિ એમણે પ્રાપ્ત કરી હતી તેઓ કરોડો. લાખો, હજારો અને સેંકડો વર્ષોથી માનવહૃદય ઉપર છવાઈ ગયેલા છે

આંતર-બાહ્ય દુઃખો સહન કરવાની શક્તિ પ્રગટાવ્યા વિના નહીં ચાલે તે શક્તિ પરમાત્મ ભક્તિમાંથી પ્રગટ થશે!

૨૪ જૂન. ૧૯૮૩

卐



સખત પરિશ્રમ અને સતત કાર્યશીલતા એ સુખ-શાન્તિનો રચનાત્મક માર્ગ છે. એવા સત્કાર્યમાં મન અને ઇન્દ્રિયોને જોડી દે કે વિકલ્પ અને વિકાર પાસે જ ન આવી શકે. દુઃખ અને અશાન્તિ વિકલ્પ અને વિકારોમાંથી જન્મે છે એની સામે સુરક્ષાની દિવાલ બાંધી દેવા માટે સતત કાર્યશીલ બન્યા રહેવું જોઈએ એ કાર્ય છે નૂતન જ્ઞાન પ્રાપ્ત કરવાનું, પ્રાપ્ત કરેલા જ્ઞાનને યાદ રાખવાનું અને અભિનવ સાહિત્યનું સર્જન કરવાનું. આપણા જીવનનું આ મુખ્ય કાર્ય બનાવવાનુ છે કામ કરે જ જવાનું છે.. થાક્યા વિના, કંટાળ્યા વિના!

આપણા જ્ઞાનદીપક પ્રગટાવીને, બીજાઓના હૃદયમાં જ્ઞાનના દીપક પ્રગટાવવાનું આપણું 'મીશન' છે!

૨૫ જૂન, ૧૯૬૩





કેટલીક વખત આપણો સ્વભાવદોષ જ આપણને અશાન્તિ તરફ લઈ જતો હોય છે. બીજા મનુષ્યો સાથેના વ્યવહારમા આપણો સ્વભાવ મુખ્ય ભાગ ભજવે છે

સ્વભાવમાં મૃદુતા, નિખાલસતા અને વિનમ્રતા ભળે છે ત્યારે મનુષ્યનું વ્યક્તિત્વ મોહક બની જાય છે. મુખ પર સ્મિત અને વાણીમા મીઠાશ–બીજાઓ પર કામણ કરી દે છે.

ભલેને આપણો નિંદક આપણી પાસે આવે, આપણુ અહિત કરનાર આપણી પાસે આવે, એની સાથે પણ જો આપણે પ્રસન્ન મુખે અને મીઠી જબાને વાત કરીશું તો એનો રોષ થોડો તો ઓગળી જવાનો જ!

સ્વભાવની સૌરભ પ્રસરવા દો.

૨૬ જૂન, ૧૯૯૩





સ્વપ્ન જેવો આ સંસાર છે ને સ્વપ્ન જેવું આ જીવન છે! સ્વપ્ન ચાલી રહ્યું છે! બીજું કંઈ જ વિશેષ નથી.... જેમ જેમ સંસારના ભાવોનું ચિંતન કરતો જાઉં છું તેમ તેમ ઉદાસીન ભાવ વધતો જાય છે....ને નિવૃત્તિમય જીવન તરફનો ઢાળ બનતો જાય છે.

સંબંધો બંધનરૂપ ભાસે છે. ..નિર્બંધન . સાધનામય જીવન તરફ આકર્ષાયું છે...

વત્સ! તને શું કહું? અનંત આકાશમા ઉડતા પક્ષીઓને જોઈને મને પણ થાય છે કે અનંત જ્ઞાનાકાશમાં ઉડતો રહું! 'પરોપકાર' ક્યારેક મિથ્યા ભાસે છે. સ્વોપકારમા ખોવાઈ જવું જ સત્ય લાગે છે..

૨૭ જૂન, ૧૯૭૩

卐



આંતરનિરીક્ષણ વિસરાતુ જાય છે. આંતર-નિરીક્ષણ રોજ કરતા રહેવું જોઈએ આપણી ત્રુટીઓનું આપણને તો ભાન હોવું જ જોઈએ જ્યાંસુધી આપણી ત્રુટી આપણને નહીં સમજાય ત્યાંસુધી એ ત્રુટી સુધરી શકતી નથી

આંતરનિરીક્ષણમાં જેવી રીતે સ્વ-દોષ જોવાના હોય છે તેમ આંતર-સમૃદ્ધિ પણ જોવાની હોય છે. જો એ અનંત સમૃદ્ધિ તરફ દૃષ્ટિ ચાલી જાય તો બાહ્ય સમૃદ્ધિના આકર્ષણ મરી જાય!

"अन्तर्श्चारमागन्न स्फुटाः सर्वाः समृद्धयः" ।

પ્રિય મુનિ! અંતર-યાત્રાનો આ આનંદ તુ જ્યારે અનુભવીશ. તું પોકારી ઉઠીશ 'મને તે એ આનંદના ઉદધિમાં જ તરવા દો!'

૨૯ જૂન, ૧૯૭૩



તોફાન આવે છે ને જાય છે. તોફાન સ્થાયી હોતું નથી. તોફાન પછી શાન્તિ આવે છે. એવી રીતે દુઃખ આવે છે ને જાય છે. દુ:ખ પછી સુખ આવે છે. દુ ખમા સમના આ વિચારથી રાખી શકાય, "સુખ આવવાનું જ છે."


અથવા એમ વિચારવાનુ, "આ જીવન સુખ ભોગવવા માટે છે જ નહીં. દુ:ખો સહવાથી જ કર્મક્ષય થાય છે."

એમ માનીને જ જીવન જીવવાનુ છે કે "દુ:ખો વિનાનું જીવન સભવિત જ નથી"

જરાય અકળાયા વિના દુ ખ સહી લેવાની તૈયારી રાખવાની છે.. એ જ જીવન જીતી જવાની ચાવી છે.

૩૦ જૂન. ૧૯૭૩

卐



'વ્યવહારકુશળતા' જીવનનું અનિવાર્ય અંગ છે. બોલવામાં, કાર્ય કરવામાં, સંપર્કમાં વ્યવહારકુશળતા હોય તો જીવન અનેક અનર્થોથી બચી જાય છે "હું આ પ્રમાણે બોલીશ તો એના શા પ્રત્યાઘાતો પડશે?" "હું આ કામ કરીશ તો એનું શું પરિણામ આવશે?" "હું આ સંપર્ક કરીશ તો એનાથી શો લાભ થશે?" આ વિચાર સૂક્ષ્મબુદ્ધિથી કરવો જોઈએ ભાવાવેશમાં તણાઈને, દીર્ઘદૃષ્ટિ વિના જીવન જીવનાર મનુષ્ય આપત્તિનો ભોગ બને છે.

વ્યવહારકુશળતામા સફળતા રહેલી છે. તે માટે જોઈએ ગંભીરતા, ઠરેલપણું અને સમયને ઓળખવાની આવડત.

સંયોગ અને પરિસ્થિતિ ઓળખીને જીવનની પદ્ધતિમા પરિવર્તન કરવાની તૈયારી જોઈએ.

૧ જુલાઈ, ૧૯૭૩

卐



હું એ સમજું છું કે ક્યારેક તને હું અપ્રિય લાગું છું. પરંતુ એ સ્વાભાવિક છે! ક્યારે ય કોઈ સર્વદા પ્રિય લાગતું નથી! પછી હું કેવી રીતે તને સર્વદા પ્રિય લાગું? એનો મને અફસોસ નથી.

પરંતુ એક અપવાદ છે. ક્યારે ય પરમાત્મા આપણને અપ્રિય ન લાગવા જોઈએ. જીવનની એકાદ ક્ષણે પણ અપ્રિય ન લાગવા જોઈએ.... એમની સાથે અખંડ પ્રીતિ-સંબંધ બંધાયેલો રહે તો જીવન જીતી ગયા.

પરમાત્મસ્વરૂપનું આકર્ષણ. .એની પ્રાપ્તિની તીવ્ર અભિલાષા એ પ્રીતિને શાશ્વત્ બનાવી દેશે.

૨ જુલાઈ. ૧૯૯૩

卐

૧૦૦ : સંયમ રંગ લાગ્યો



હું કોઈનું ય દુઃખ જોઈ શકતો નથી,
અર્થાત્ મારાથી બીજા જીવોનું દુઃખ જોયું જતું
નથી મારું હૃદય દ્રવી જાય છે ભલા, તો પછી
તારું દુઃખ તો મારાથી કેમ જ જોયું જાય?
તારા દુઃખને જોઈ મારું મન દુઃખ અનુભવે છે.
તારું દુઃખ દૂર કરવા હું ચાહું છું, પરંતુ
હું તે દૂર કરી શકતો નથી, એ મારી વિવશતા છે.
હું જાણું છું કે દુઃખ સહન કરવાના હજાર
ઉપદેશ કરતાં એકાદ દુઃખ પણ દૂર કરવું, તે
વધુ સારું છે પરંતુ બીજાના દુઃખે દુઃખી થવા
સિવાય બીજો કોઈ ઉપાય નથી દુઃખ દૂર કરવા
માટે તો વિશિષ્ટ શક્તિ જોઈએ, એ મારામાં
ક્યાં છે?

૩ જુલાઈ, ૧૯૭૩

卐



કાલે જે નહોતુ ગમતુ તે આજે ગમે છે! કાલે જે ગમતુ હતું આજે નથી ગમતું! મનની આ વિચિત્ર સ્થિતિ છે પદાર્થ તો એના એ જ છે માત્ર મનની કલ્પનાઓ બદલાયા કરે છે ગમવા ન ગમવાના વિષચક્રમાથી છુટકારો મેળવવાનો છે. મધ્યસ્થભાવ કેળવવાનો છે જડ અને ચેતન પદાર્થો પ્રત્યે મધ્યસ્થદૃષ્ટિ જેમ જેમ ખીલતી જશે તેમ તેમ આત્માની નિર્મળતા વધતી જશે. જ્ઞાનદૃષ્ટિ વિકસતિ જશે

ગમવા ન ગમવાની વૃત્તિઓ પાછળ મનની અમૂલ્ય શક્તિઓ ન ખર્ચાઈ જવી જોઈએ.

૪ જુલાઈ. ૧૯૬૩





કેટલાક સત્ય એવાં હોય છે કે જે બીજાને ઉપદેશથી નથી સમજાવી શકાતા—એ તો સંયોગો, જવાબદારીઓ અને અકલ્પિત ઘટનાઓ જ સમજાવતી હોય છે, તે પણ સત્યને તારવવાની મનુષ્યમાં ક્ષમતા હોય તો!

એક મનુષ્યને જે સાચી અને સારી વાત લાગતી હોય છે, તે વાત તે બીજાને પણ સાચી ને સારી જ લાગે, તેવો આગ્રહ સેવતા હોય છે પરંતુ તેથી સિવાય માનસિક અશાન્તિ, કંઈ જ પ્રાપ્ત થતું નથી

આપણી સાચી કે ખોટી વાત બીજો માણસ ત્યારે જ સ્વીકારે છે જ્યારે આપણું એવું પુણ્ય-કર્મ ઉદયમાં હોય

૫ જુલાઈ, ૧૯૭૩

૧૦૩ : સંયમ રંગ લાગ્યો



"दुर्लभ खलु स्वचित्तरञ्जनम् ।"

આપણા પોતાના મનને પ્રસન્ન કરવું એ જ એક વાત મહત્વની છે દુનિયાના માણસોને ખુશ કરવા સરળ છે. આપણા મનને ખુશ કરવુ મુશ્કેલ છે. ને એ મુશ્કેલ કાર્ય જ આપણે કરવાનું છે મનનું સાત્વિક રંજન કરવા માટે હંમેશા પ્રયત્ન કર, ભલે પછી તપશ્ચર્યાથી કરે કે જ્ઞાન-ધ્યાનથી કરે અધ્યયનથી કરે, કે આચાચનથી કરે, શ્રવણથી કરે કે શ્રાવણથી કરે! આચાત્મથી મન ખુશ થવા માટનુ-ગમ, જીવન જીતી ગયા!

૬ જુલાઈ. ૧૯૬૩

卐



મનને શોક-સંતાપ અને ગ્લાનિ ઉપજાવે એવો અશુભ ભૂતકાળ ક્યારેય યાદ ન કરીશ. અને યાદ આવી જાય તો 'કર્મના વિપાક'નો વિચાર કરી, શોક-સંતાપને વૈરાગ્ય-ભાવનામાં બદલી નાખવો.. પરંતુ ભૂતકાળની ભૂતાવળને વળગવા દેવી નહીં.

મનને આનંદથી ભરી દે તેવી, મહાપુરુષોની સ્મૃતિ. એમના પરાક્રમભર્યાં જીવનોની સ્મૃતિ શા માટે ન કરવી? આંતર-ઉત્સાહ અને ઉન્નતિ માટેનો થનગનાટ હંમેશા બન્યો રહે!

૭ જુલાઈ, ૧૯૭૩

卐

૧૦૬ : સંયમ રંગ લાગ્યો



'ક્યારેક પંછી ઉડી જશે! અને માળાને લોકો સળગાવી દેશે પંછી કોઈ અજાણ્યા પ્રદેશમાં જઈ નવો માળો બાંધવાનુ ચાલુ કરશે. જનમ-જનમની આ ઘટમાળ. કેવી છે આ ઇન્દ્રજાળ!...'

ખૂબ વિચારો આવે છે... આવા વિચારોથી મન અગમ-અગોચર ભૂમિ પર પહોંચી જાય છે પરંતુ પાછુ ઇન્દ્રજાળમાં...

હા, આવા વારંવારના વિચારો જીવન પર ચોક્કસ પ્રકારના પ્રભાવો પાડે છે... જીવન હળવું અને ગરમ બની જાય છે.

૯ જુલાઈ, ૧૯૭૩

卐




બહારની દુનિયામાંથી બહાર નીકળીને થોડા સમય માટે ભીતરની આધ્યાત્મિક દુનિયામાં ખોવાઈ જવાની ટેવ પાડવી જ જોઈએ. ભીતરમાં ખોવાઈ જઈને આનંદ મેળવતા આવડી ગયો.... એટલે નિશ્ચિંત! બહારની દુનિયામાં તો આનંદ પુણ્યાધીન છે. પુણ્ય સાપેક્ષ સુખ છે. ભીતરની દુનિયામાં જે આનંદ મળે છે તે પુણ્યથી નહીં પરંતુ સ્વાધીન આત્માનો આનંદ મળે છે.

આનંદઘનજી વગેરે યોગીઓનાં પદો આમાં ખૂબ ઉપયોગી બને છે. ભીતરમાં ખોવાઈ ગયેલા-ઓનો જે આનંદ [illegible] [illegible] છે. તે [illegible] આદર્શ છે.

૧૦ જુલાઈ, ૧૯૯૩

卐



દૃષ્ટિ દીર્ઘ જોઈએ અને સૂક્ષ્મ જોઈએ.

દીર્ઘદૃષ્ટિથી ભવિષ્યનો. દીર્ઘ ભવિષ્યનો ગંભીર વિચાર કરવાનો અને સૂક્ષ્મદૃષ્ટિથી સચોટ અનુમાન કરીને નિર્ણય કરવાનો. તાત્કાલિક સારૂ ને મીઠું લાગતું કામ ભવિષ્યમાં નરસું ને કડવું પરિણામ તો નહી લાવે ને? તેમ તાત્કાલિક નરસું ને કડવું લાગતું કામ ભવિષ્યમા સારૂં ને મીઠું પરિણામ લાવી શકે એમ છે કે કેમ? સૂક્ષ્મબુદ્ધિથી આનો નિર્ણય કરી શકાય તેવી દીર્ઘ અને સૂક્ષ્મબુદ્ધિ માટે ભગવતશરણ અને ગુરુસમર્પણ અમોઘ ઉપાય છે

૧૩ જુલાઈ, ૧૯૭૩

卐



હસતા મુખે સહન કરવું જ રહ્યું! એ ચોક્કસ માનીને જ ચાલવાનું છે કે જેમની સાથે રહેવાનું છે, જીવવાનું છે—એમના તરફથી સહન કરવું જ પડશે. શું આપણા તરફથી તેઓ સહન નથી કરતા? જેમ તેઓ આપણને સહી લે છે, તેમ આપણે એમને સહી જ લેવાના.

આ વિશ્વ પર ક્યાય એવું જીવન નથી કે જ્યા એક-બીજાનું સહન કર્યા વિના જીવન જીવી શકાતું હોય! આ સત્યને સહર્ષ સ્વીકારીને આ વાતને વ્યાવહારિક સ્વરૂપ આપવું જરૂરી છે

૧૪ જુલાઈ, ૧૯૬૩

卐



બીજો પ્રકાર ચિંતનનો આ છે –

સમગ્ર ૧૪ રાજલોકમાં જેટલા પુદ્‌ગલો (જડ પદાર્થો) છે, તે તમામ પુદ્‌ગલોને આપણા જીવે જુદા જુદા રૂપે ગ્રહણ કરેલા છે અને ભોગવેલાં છે ! વિશ્વમાં એવું એક પણ જડ દ્રવ્ય નથી કે જેને આપણા જીવે ગ્રહણ કર્યું ન હોય.

આ વિચાર જીવાત્માને જડ પદાર્થોના આકર્ષણમાંથી મુક્ત કરે છે જડપદાર્થોના પ્રલો-ભનોથી જીવ મુક્ત થયો એટલે વિપુલ કર્મબંધના પાપથી બચી ગયો

ગાઢ કર્મબંધથી બચી જવાનો પુરુષાર્થ પણ જો જીવનમાં થઈ જાય, તો જીવન સફળ થઈ ગયું !

૨૧ જુલાઈ, ૧૯૭૩





બુદ્ધિ ઉપર જ્ઞાનનો પ્રભાવ હોવો જોઈએ. “હું આમ માનું છું, મારી બુદ્ધિ આમ કહે છે” આ રીતે કોઈ નિર્ણય ન કરીએ. ‘જ્ઞાની પુરુષો શું કહે છે? શાસ્ત્રકારો શું કહે છે?’ એ જોવાનું. માનો કે આપણી બુદ્ધિથી જ્ઞાનીપુરુષોના વચન જુદાં પડતા હોય તો ત્યાં જ્ઞાનના ચરણે બુદ્ધિ નતમસ્તક બની જવી જોઈએ.

જ્ઞાન ઉપર બુદ્ધિ ઉપરવટ ન થવી જોઈએ. જ્ઞાની મહાપુરુષોની અવહેલના ક્યારેય બુદ્ધિ ન કરે. તેની પણ તકેદારી રાખવી જોઈએ.

બુદ્ધિ માર્ગાનુસારી [illegible] છે।

૨૨ જુલાઈ, ૧૯૬૩

卐



જે પ્રસંગ કે જે વ્યક્તિ આપણા પ્રબળ રાગમાં કે દ્વેષમાં નિમિત્ત બનતી હોય, તે પ્રસંગ કે તે વ્યક્તિના વિષયમાં આપણે એવું ચિંતન કરી રાખવું જોઈએ કે જે ચિંતન આપણને તીવ્ર રાગદ્વેષમાંથી બચાવી લે

ચિત્તની શાન્તિ અને પ્રસન્નતા જાળવવા માટે અમુક પ્રકારનું ચોક્કસ ચિંતન જોઈએ એ ચિંતનના સહારે માનસિક અશાન્તિ, ક્લેશ અને સંતાપથી મુક્તિ મેળવી શકાય.

એ જ ચિંતન ચિંતન છે કે જેના સહારે મનની પ્રસન્નતા જાળવી શકાય.

૨૩ જુલાઈ, ૧૯૭૩

卐



"બધું આપણી ઇચ્છા મુજબ જ બનવું જોઈએ" આ આગ્રહ ત્યજો કે આ સંસારમાં બધું એના ક્રમે જ આકાર લે છે. પછી આપણે વલોપાત શા માટે કરવો?

સંસાર-સ્વરૂપનું ચિંતન પણ કરવું જોઈએ. જેમ જેમ એ ચિંતન પરિપક્વ બનતું જાય તેમ તેમ વિશ્વદર્શનમાં માધ્યસ્થભાવ આવતો જાય, મન પરમાત્મધ્યાનમાં અને [illegible] લીન બનતું જાય, આનંદ અને પ્રસન્નતાની રંગમાં મન મસ્ત બની રહે.

આ દિશામાં આપણો આત્મિક પુરુષાર્થ નિરંતર ચાલતો રહેવો જોઈએ.

[illegible]

૨૨ ડિસે. ૧૯૬૬

卐



બીજા જીવો અને પરપદાર્થો–બંને તરફ એવી દૃષ્ટિ કેળવવાની છે કે જેના આધારે મૈત્ર્યાદિભાવનાઓ અખંડ રહે. મૈત્રી–પ્રમોદ–કરુણા અને માધ્યસ્થ્યભાવનાઓને જીવંત રાખવાની છે, કારણકે એ ભાવનાઓના સહારે આપણા ચિત્તની પ્રસન્નતા અખંડ રહે છે

બાહ્ય નુકસાન મોટી વાત નથી બાહ્ય નુકસાનથી ગભરાઈને આંતરિક નુકસાન ન કરવા જોઈએ.

જો આ દૃષ્ટિને કેળવીશ તો જીવનમાં ક્યારેય નિષ્ફળતાનાં, નિરાશાનાં આંસુ વહાવવા નહીં પડે, એટલું જ નહીં, પરંતુ લાખો મનુષ્યોના હિતનો વિચાર કરી શકીશ અને સાચું માર્ગદર્શન આપી શકીશ

૨૫ જુલાઈ, ૧૯૭૩





કાયિક સદ્વ્યવહાર અને સદુપયોગ જીવનની સફળતાના સોપાન છે. એના માટે આપણે આપણા મન પર અને મિજાજ પર કાબુ જોઈએ.

જ્યારે સામેથી દુર્વ્યવહાર થાય કે અસંયોગ થાય ત્યારે મન ધુંધવાઈ જવું ન જોઈએ. મન ઉદ્વિગ્ન બનવું ન જોઈએ.

અલ્પજ્ઞ અને અલ્પપ્રજ્ઞ માણસ માટે આ વાત નથી પરંતુ પ્રજ્ઞાવંત અને વિવેકી મુનિ માટે આ વાત છે.

જેણે પોતાના હૃદયને [illegible] બનાવ્યું છે તે મહાત્મા માટે આ વાત છે.

[illegible]

[illegible]

卐



પરમાત્માના ધર્મશાસનને સમજવાનો પ્રયત્ન કરતા રહેવું જોઈએ ધર્મશાસનનાં તત્ત્વોની આપણા મનમા રમણતા થઈ જવી જોઈએ

એ રમણતા, ભરપુર સામાજિક બની ગયેલા જીવનમાં સભવ નથી....સમાજ હમેશા દોષોથી ભરપુર જ રહેવાનો દોષયુક્ત જીવોના સંપર્કમા તત્ત્વરમણતા ટકવી અસંભવ છે. ચિત્તમા તે તે દોષોના અને ગુણોના વિચારો ચાલ્યા કરતા હોય, ત્યાં તત્ત્વરમણતા કેવી રીતે સભવે ?

જ્યા સુધી તત્ત્વરમણતા નહી આવે ત્યા સુધી વિષયરમણતા ચાલુ રહેશે. વિષયરમણતાના સાથે કષાય પ્રબળતા સંકળાયેલી જ હોય છે

૨૭ જુલાઈ, ૧૯૭૩






સત્ય માર્ગે ચાલનારાઓના જીવનમાં એવું જોવા મળે છે કે તાત્કાલિક, કોઈ પ્રસંગમાં એમની ઘોર નિંદા થઈ. પરંતુ પાછી એમની પ્રશંસા થઈ. નિંદા સાંભળીને તેમણે પોતાનો સત્ય માર્ગ ત્યજી ન દીધો અને પ્રશંસા સાંભળીને તેઓ ફૂલી ગયા ન હતા. નિંદા અને પ્રશંસા તો સંસારની સ્વાભાવિક ઘટનાઓ છે.

આજે જે જે મહાપુરુષોના ચરિત્ર વાંચીએ [illegible]

૨૮ [illegible] માર્ચ ૧૯૬૬

卐




બીજા જીવોને ખુશ કરવા અને ખુશ રાખવાની મથામણ ભારે કષ્ટદાયી છે....બીજા જીવો આપણી પાસે જ્યારે એવી અપેક્ષા રાખે છે, એ અપેક્ષા આપણે પૂરી કરી શકતા નથી....ત્યારે અશાન્તિ થઈ જાય છે!

રાગી અને દ્વેષી જીવોને ખુશ કરી શકાય એમ નથી. માનો કે ખુશ કરી પણ દીધા, પરંતુ સદૈવ એમને ખુશ રાખી શકાય નહીં..માટે એ જંજાળમાંથી મુક્ત જ રહેવું સારૂ છે....

વીતરાગને જ રીઝવવા પાછળ તન-મનની શક્તિ ખર્ચવી શ્રેયસ્કર છે એ નાથ રીઝયા એટલે બસ!

૨૯ જુલાઈ, ૧૯૭૩

卐



કોઈના રાગની–સ્નેહની ઝંખના કરવા જેવી નથી. સંસારના સ્વાર્થભરેલા જીવો આપણા પર રાગ રાખે તો ય શું ને દ્વેષ રાખે તો ય શું? લેવા–દેવા!

દા. આપણે સૌ જીવો પ્રત્યે કરુણા રાખવાની. કોઈપણ જીવ પ્રત્યે દ્વેષ ન થઈ જાય, એની કાળજી રાખવાની.

[illegible]

૨૦ ફેબ્રુઆરી ૧૯૬૬

卐



ભાગ્યશાળી !

અંતરથી નિર્લેપ બનવાનું શીખજે. બહારના પ્રસંગો અને ઘટનાઓથી હૃદયને અલિપ્ત રાખવાનું શીખજે.

જો અંતરથી નિર્લેપ રહેવાનું જ્ઞાન પ્રાપ્ત કરીશ, તો જીવન ખૂબ જ પ્રસન્નતાભર્યું બનશે અને આત્મભાવ નિર્મળ બનશે. આ માટે રોજ રાત્રે સૂતા પૂર્વે ૫-૧૦ મિનિટ પણ શુદ્ધઆત્મ-સ્વરૂપનું ચિંતન કરવાનું રાખ.

આ નિ:સાર દુનિયાથી અલિપ્ત જ રહેજે.

૩૧ જુલાઈ, ૧૯૭૩

卐



કોઈ પણ વ્યક્તિ તરફથી—પછી ભલે હું જ હોઉં—એવી સખત અપેક્ષાઓ ન રાખીશ. અત્યંત પ્રેમ ધરાવતી વ્યક્તિ પાસેથી પણ એવી અપેક્ષાઓ રાખીશ નહીં. આપણી તમામ અપેક્ષાઓ કોઈ જ પૂરી કરી શકે નહીં.

બીજાઓ તરફની અપેક્ષાઓ જ દુઃખી કરે છે, અશાન્ત બનાવે છે. 'નિરપેક્ષાવૃત્તિ'ને ધરવાનો પ્રયત્ન કર.

આપણાથી શક્ય એટલી બીજા લોકોની અપેક્ષાઓ પૂર્ણ કરવા ભલે આપણે પ્રયત્ન કરીએ, પરંતુ બીજા લોક તરફથી કોઈ અપેક્ષા રાખવી નહીં.

૧ ઑગસ્ટ, ૧૯૯૬

卐



સામાન્ય કોટિના મનુષ્યની વૃત્તિઓથી આપણી વૃત્તિઓને ઊંચી ઉઠાવવી જોઈએ.

તું સામાન્ય મનુષ્ય નથી! તું બુદ્ધિમાન સાધુ છે.. તારી પાસે જિનવચનને સમજવાની ક્ષમતા છે. સામાન્ય માણસની જેમ ન તો તારાથી આચરણ કરી શકાય.

સતત યાદ રાખ—"હું સામાન્ય માનવી નથી, હું સાધુ છું...મારો માર્ગ દુનિયાના માર્ગથી ન્યારો છે!"

આ માટે તુચ્છ અને અલ્પ બુદ્ધિવાળા માનવીઓનો સંપર્ક ત્યજી દેવો જોઈએ

૨ ઑગસ્ટ, ૧૯૭૩

卐



એક વાત તને સમજાવું

આપણી રીતે જ બીજા જીવો રાજી થાય એવું નથી. દરેક જીવની મનોવૃત્તિઓ જુદી-જુદી હોય છે. જે રીતે એક મનુષ્યને આપણે ધર્મ-સન્મુખ કર્યો—એ જ રીતે બીજો મનુષ્ય ધર્મ-સન્મુખ થાય એવો નિયમ નથી.

'આ બીજો મનુષ્ય કેવી રીતે પ્રસન્ન થશે' એ માટે એની ભિન્ન 'ભિન્નતાનું' અધ્યયન કરવું જોઈએ. એ અધ્યયન કરીને, એ મનુષ્ય સાથે વ્યવહાર કરવો [illegible]

[illegible]

૬ સપ્ટેમ્બર, ૧૯૬૬

卐



કંઈક સારું, મનગમતું મળી જાય છે, ત્યારે તું રાજી થાય છે, પ્રસન્ન થાય છે. જ્યારે તું નથી ઇચ્છતો તેવું મળી જાય છે, ઇચ્છે છે તેવું નથી મળતું ત્યારે તું ખિન્ન થઈ જાય છે.

આ જ આપણી અશાન્તિનું કારણ છે. જો સમજીશ આ કારણને, અને એને દૂર કરવા પ્રયત્ન કરીશ તો અપૂર્વ શાન્તિ પામીશ. અશક્ય નથી આ કાર્ય.

"लाभो त्ति न मज्जेज्जा, अलाभो त्ति न सोयए."

આ જિનવચન છે, જિન-આદેશ છે! ઇષ્ટ-પ્રાપ્તિમાં ખુશ ન થા, ઇષ્ટપ્રાપ્તિ ન થાય ત્યારે વિષાદ ન પામ આ અશક્ય નથી, શક્ય છે : એમ માનીને પ્રયત્ન કર

૪ ઓગસ્ટ, ૧૯૭૩

卐



તારે મનની શાન્તિ, સમતા અને સમાધિ જોઈએ છે ને? સાધુજીવનમાં તું આ મેળવવા ગયો છે ને? એનો સાદો અને સરળ ઉપાય છે: 'તું બીજા જીવોને શાન્તિ આપ, સમતા આપ અને સમાધિ આપ જે કોઈ તારા પરિચયમાં આવે તેને આપ.'

પહેલાં તું આપ તને એ આપોઆપ મળી જશે. માગ્યા વિના મેળવવાની ઇચ્છા સફળ નહીં થાય. બીજા જીવોને શાન્તિ-સમતા અને સમાધિ આપવા તારા હૃદયમાં મૈત્રી અને કરુણાના પવિત્ર-ભાવ ભરી દે. ભાવોને સ્થાયી બનાવી દે.

૫ ઑગસ્ટ, ૧૯૬૬

卐



કંઈક સારું, મનગમતું મળી જાય છે, ત્યારે તું રાજી થાય છે, પ્રસન્ન થાય છે. જ્યારે તું નથી ઇચ્છતો તેવું મળી જાય છે, ઇચ્છે છે તેવું નથી મળતું ત્યારે તું ખિન્ન થઈ જાય છે

આ જ આપણી અશાન્તિનું કારણ છે જો સમજીશ આ કારણને, અને એને દૂર કરવા પ્રયત્ન કરીશ તો અપૂર્વ શાન્તિ પામીશ. અશક્ય નથી આ કાર્ય.

"लाभो त्ति न मज्जेज्जा, अलाभो त्ति न सोयए"

આ જિનવચન છે, જિન-આદેશ છે! ઇષ્ટ-પ્રાપ્તિમાં ખુશ ન થા, ઇષ્ટપ્રાપ્તિ ન થાય ત્યારે વિષાદ ન પામ આ અશક્ય નથી, શક્ય છે. એમ માનીને પ્રયત્ન કર

૪ ઓગષ્ટ, ૧૯૭૩

卐



તારે મનની શાન્તિ, સમતા અને સમાધિ જોઈએ છે ને? સાધુજીવનમાં તું આ મેળવવા ઝંખે છે ને? એનો સાદો અને સરળ ઉપાય છે 'તું બીજા જીવોને શાન્તિ આપ, સમતા આપ અને સમાધિ આપ જે કોઈ તારા પરિચયમાં આવે તેને તું આપ.'

પરંતુ તું આપ. તને એ આપોઆપ મળી જશે. આપ્યા વિના મેળવવાની ઇચ્છા સફળ નહીં થાય. બીજા જીવોને શાન્તિ-સમતા અને સમાધિ આપવા તારા [illegible] અને [illegible] પવિત્ર [illegible] બનતી [illegible]

૫ ડિસેમ્બર, ૧૯૬૬

卐